HM Revenue
& Customs

# ટેક્સની તપાસ વિશેની હકીકતપત્રિકા

## શું બદલાઈ રહ્યું છે

લાઈસન્સ આપનારી સંસ્થાઓ જે તપાસ કરે છે તેમાં, 4 એપ્રિલ 2022થી એકનાનો ઉમેરો કરવામાં આવશે. તમે આ માટેનું તમારું લાઈસન્સ રિન્યૂ કરાવશો ત્યારે તમારે HM રેવન્યૂ એન્ડ કસ્ટમ્સ (HMRC) પાસે ટેક્સ અંગેની તપાસ પૂરી કરાવવાની રહેશેઃ

- ટેક્સિઓ કે અંગત રીતે ભાડે લેવાતાં વાહનો ચલાવવાં
- અંગત રીતે ભાડે લેવાતાં વાહનોનો ધંધો ચલાવવો
- કચર તરીકે ફેંકી દેવાતી ધાતુઓનો ધંધો કરવો.

આ ફેરફારો માત્ર ઇંગ્લેન્ડ અને વેલ્સમાં જ લાગુ પડશે.

## આ ફેરફારોની તમને કેવી રીતે અસર થઈ શકે

તમારે શું કરવું જરૂરી છે તેનો આધાર તમે પહેલીવાર લાઈસન્સ મેળવવાની અરજી કરી રહ્યાં છો કે લાઈસન્સ રિન્યૂ કરાવવા જેવી બીજીવારની આગળની અરજી કરી રહ્યાં છો.

**નવું લાઈસન્સ મેળવવું:** જો તમે પહેલીવાર લાઈસન્સ માટે અરજી કરી રહ્યાં હશો તો તમારે ટેક્સની તપાસ પૂરી કરવાની રહેશે નહિ. જો કે, તમારે ભવિષ્યમાં ટેક્સ માટે યોગ્ય રીતે રજિસ્ટર થવા માટે શું કરવું પડશે તે વિશેની HMRCની માર્ગદર્શિકા વાંચવાનું લાઈસન્સ આપનાર સંસ્થા તમને કહશે અને તમે તે વાંચી હોવાનું તમારે ચોક્કસ કરવાનું રહેશે.

**લાઈસન્સ રિન્યૂ કરાવવું:** 4 એપ્રિલ 2022 થી, જો તમે લાઈસન્સ રિન્યૂ કરાવવાની કે બીજું લાઈસન્સ મેળવવાની અરજી લાઈસન્સ આપનાર જુદી સંસ્થા પાસે કરશો, તો તમારે ટેક્સની તપાસ કરવાની રહેશે. આ તમે ઓનલાઈન ડિજિટલ સર્વિસ મારફતે કરી શકશો.

## ટેક્સની તપાસ વિશે

ટેક્સની આ તપાસ તમે તમારા Government Gateway અકાઉન્ટ મારફતે GOV.UK પર જઈને કરી શકશો. તમારા લાઈસન્સ પ્રાપ્ત ધંધામાંથી તમે જે કંઈ પણ કમાણી કરો તેના પર જે કોઈ ટેક્સ ચૂકવવાનો થતો હોય તે તમે કેવી રીતે ચૂકવશો તે HMRC ને કહેવા માટે તમારે માત્ર થોડા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. જો તમારી પાસે Government Gateway અકાઉન્ટ ન હોય, તો તે તમે GOV.UK. પર જઈને સાઈન અપ કરી શકો છો.

ટેક્સની આ તપાસમાં માત્ર થોડી મિનિટનો જ સમય લાગવો જોઈએ. GOV.UK પર આના વિશે માર્ગદર્શન મળશે અને જે કોઈને પણ આ ટેક્સનીત પાસ પૂરી કરવામાં વધારાની સહાયની જરૂરત હોય તેઓ HMRC ની કસ્ટમર હેલ્પલાઈનને ફોન કરીને મેળવી શકશે.

તમે ટેક્સની તપાસ પૂરી કરી લેશો તે પછી તમને એક કોડ મળશે. આ કોડ તમારે તમારી લાઈસન્સ આપનારી સંસ્થાને આપવાનો રહેશે. ટેક્સની તપાસ પૂરી ન કરાઈ હોય અને તેમને આ કોડ નહિ મળે ત્યાં સુધી લાઈસન્સ આપનાર સંસ્થા તમારા લાઈસન્સની અરજી કે રિન્યૂઅલની અરજી પર આગળ કાર્યવાહી કરી નહિ શકે.

તમારી લાઈસન્સ આપનાર સંસ્થાને HMRC તરફથી માત્ર એટલી જ પુષ્ટિ મળશે કે તમે ટેક્સની તપાસ પૂરી કરેલી છે, તેમને તમારા ટેક્સની લેણદેણ વગેરે વિશે બીજી કોઈ માહિતી મળી શકશે નહિ.

## તમારે શું કરવું જરૂરી છે

જો તમે તમારા લાઈસન્સ પ્રાપ્ત ધંધામાંથી થતી કમાણી પર ટેક્સ ભરવા માટે રજિસ્ટર થયેલાં ન હો, તો કૃપા કરીને GOV.UK પર જઈને તપાસો કે તમારે બને તેટલું જલદી રજિસ્ટર થવું પડશે કે નહિ.

- જો તમે કોઈને ત્યાં કામ કરતાં કર્મચારી હો, તો PAYE વિશેની માહિતી અહીંથી મેળવો www.gov.uk/income-tax/how-you-pay-income-tax
- જો તમે સ્વ-રોજગારી હો, તો સેલ્ફ અસેસમેન્ટ માટે રજિસ્ટર થવા વિશેની માહિતી અંહીથી મેળવો www.gov.uk/register-for-self-assessment
- જો તમે કંપની મારફતે ધંધો કરતાં હો, તો કોર્પોરેશન ટેક્સ વિશે માહિતી અહીંથી મેળવો www.gov.uk/corporation-tax

જો તમે ટેક્સ માટે રજિસ્ટર થયેલાં હોવાં જોઈએ, પરંતુ રજિસ્ટર ન થયેલાં હો, તો તમને યોગ્ય પાટે ચડાવવા માટે HMRC તમારી સાથે ત્વરાથી અને વ્યવસાયિક રીતે કામ કરશે. તમારો ટેક્સ યોગ્ય રીતે ચૂકવવા માટેની જવાબદારી તમારી પોતાની છે, પરંતુ HMRC અહીં તમારી મદદ માટે છે.

જો તમને વધારાની સહાયતાની જરૂર હોય તો તમે HMRC પાસેથી મદદ મેળવી શકો છો, દાખલા તરીકે તમને બીજા કોઈ સ્વરૂપમાં માહિતી જોઈતી હોય કે ફોર્મ ભરવામાં મદદની જરૂર હોય. GOV.UK પર જાવ અને 'Get help from HMRC if you need extra support' (જો તમને વધારાની સહાયતાની જરૂર હોય તો HMRC પાસેથી મદદ મેળવો) સર્ચ કરો.

ટેક્સની તપાસ વિશે વધારાનું માર્ગદર્શન GOV.UK પરથી મળી શકે છે:

www.gov.uk/guidance/changes-for-taxi-private-hire-or-scrap-metal-licence-applications-from-april-2022